UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
)A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. (1988

AMERICAN CHRISTIAN NEWS
અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
EDITORS: Dr. Rev. Snehlata & Rev. Anil Patel
Phone #718-435 -4786 email:snehlata@msn.com
Issue-૧૪૬ Year: ૪૦, સપ્ટેમ્બર-ઓકટોબર ૨૦૧૯

# તંત્રીસ્થાનેથી

આપણી આસપાસ રાજકિય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રોમાં જે બનાવો બની રહ્યા છે તે તરફ દ્રષ્ટિપાત કરીએ તો બાઇબલમાંથી વચનો યાદ આવે છે, "જો તું આવા સમયે ચૂપ રહેશે... તો પ્રભુ યહુદીઓનો બચાવ ગમે તે રીતે કરશે, પણ તારો .........તથા સગાંવહાલાંનો નાશ થશે...... " એસ્તેર ૪:૧૪

ઈર્ષાળુ હામાન તેના દુશ્મન મોર્દખાય પર વેર વાળવા આખી યહૂદી પ્રજાનું નિકંદન કાઢવા માટે રાજાની પરવાનગી મેળવે છે. તારીખ પણ નક્કી થઇ ગઈ હતી. પણ મોર્દખાય હિંમત ન હારતાં એસ્તર રાણીને ઉપરનો સંદેશો મોકલે છે. એસ્તર રાણી જયારે હકિકત જાણે છે ત્યારે તે પોતાના સ્થાનને આધારે સમસ્યા સુલઝાવવા પ્રયત્ન ન કરતાં, આખા યહૂદી સમાજને ત્રણ દિવસ પ્રાર્થના અને ઉપવાસમાં ગાળવા જણાવે છે. પ્રભુની દોરવણી માગ્યા બાદ તે પોતાને જે કરવાનું છે- રાજા પાસે પોતાની પ્રજાના જીવનની દાદ માગવી- તે કરે છે. પરિણામે દુષ્ટ હામાનનો નાશ થાય છે, અને યહૂદી પ્રજાનો બચાવ થાય છે કારણકે મોર્દખાય અને એસ્તરે પોતપોતાનો ભાગ ભજવ્યો.

આજે રાજકિય વાતાવરણ અસલામતીભર્યું બની ગયું છે. ધાર્મિક વાતાવરણ ધુંધળું છે, સામાજિક વાતાવરણ પણ દુષણોથી ભરપૂર છે, આવા સમયે આપણે જેઓ ખ્રિસ્તના નામથી ઓળખાઈએ છીએ તેઓના શિરે ગંભીર જવાબદારી રહેલી છે. ઉપવાસસહિત રાજકિય, ધાર્મિક અને સામાજિક દૂષણો, આગેવાનો, અને નાગરિકોને માટે પ્રાર્થના કરીએ, પ્રભુની સમક્ષ એ બધું લાવીએ. પ્રભુ જરૂર તેના લોકોની પ્રાર્થનાઓ સાંભળશે, સમસ્યાઓ હલ કરશે. એસ્તરરાણી અને મોર્દખાયની સજાગતા, ઈશ્વરની દોરવણી અને સહાયથી જેમ બાજી પલટાઈ ગઈ તેમ આપણી પ્રાર્થના અને ફાળા દ્વારા પ્રભુ જરૂર મંદ પડેલી હુંફાળી મંડળીમાં આગ પ્રગટાવશે અને મંડળી આત્માઓ જીતતાં પુનઃ ધબકતી બનશે, દેશમાં યોગ્ય આગેવાનો રાજ્ય ચલાવશે .

કાર્ય ભગીરથ છે પણ જો ઈશ્વર આપણા પક્ષે છે તો કશું જ અશક્ય નથી. ગાંધી સત્યાગ્રહની ચળવળથી ભારતમાં લોકશાહી રાજ્ય લાવ્યા. જોન વેસ્લીએ અંધકારભર્યા સમયમાં પ્રભુનો પૈગામ ફેલાવ્યો તેથી પૃથ્વીના પટ પર પ્રભુના અનુયાયીઓ જોવા મળે છે તેથી વાચક મિત્રો ચાલો આપણે પ્રભુનું રાજ્ય આપણા રાજકિય, સામાજિક અને ધાર્મિક જીવનમાં આવે માટે પ્રભુને પ્રાર્થના કરીએ. તેમની દોરવણી પ્રમાણે દોરાઈએ, યાદ રાખીએ કે "વિશ્વાસ કરણીઓ વગર મૃત છે, કરણીઓ વિશ્વાસ વગર નુકસાનકર્તા છે " પણ જયારે વિશ્વાસ અને કરણીઓ સાથે કામ કરે છે ત્યારે ત્યાં ઈશ્વરની હાજરી જોવા મળે છે. ઈશ્વરપિતા દરેક વાચકમિત્રને "કોણ જાણે મારુ ખ્રિસ્તી શિષ્યપણું આવા સમયને માટે જ નહીં હોય શું?" તે પર વિચારવા અને અમલ કરવા કૃપા આપે.

સ્નેહલતા પટેલ

# પ્રાણ મેં મારો દીધો (સાચી ઘટના)

સપ્ટેમ્બર ૧૧, ના ૨૦૦૧ દિને વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા હુમલાની આ સાચી વાત છે. વર્લ્ડ ટ્રેડ સાઉથ ટાવરને ૪૪મા માળે મોર્ગન સ્ટેન્લીના કોર્પોરેટ સિક્યુરિટી કંપનીમાં રિક રેસ્કરડો નામના વિયેતનામી વેટરન નોકરી પર હતા ત્યારે પ્લેનદ્વારા બિલ્ડીંગ પર અટેક થયો. કંપનીના ૨૭૦૦ માણસોને અથાગ પરીશ્રમ કર્યા બાદ રીક રેસ્કારડોએ સુરક્ષિત સ્થળે પહોંચાડયાં, જેમાંના છ જણા ભયંકર આગની ગરમી તથા ધૂમાડાને કારણે ગુંગળાઈને મરણ પામ્યા. જોતજોતામાં સાઉથ ટાવર ધરાશાયી થતાં રેસ્કરડોએ પણ પોતાનો જાન ગુમાવ્યો અનેક જીવોને સુરક્ષિત સ્થળે પહોંચાડી રિક રેસ્કરડોએ સ્વ-બલિદાન આપી જીવન સાર્થક કરી દીધું .

બાઈબલમાં પણ ઘણાં પાત્રોએ "સ્વ"ને બાજુમાં મૂકીને અનેકોને લાભ આપ્યા છે. જુના કરારનો યૂસફ ગુલામીમાં વર્ષોથી અન્યાય વેઠતો રહ્યો, પરંતુ તેણે તેને આ દશામાં મુકનાર ભાઈઓને માફી બક્ષી. તેઓનું ભલું કર્યું, મુસાએ ઇઝરાયેલી પ્રજા માટે શું શું નથી કર્યું? ઈશ્વરે કોપિત થઇ આખી ઇસ્રાએલી પ્રજાનું નિકંદન કરવાનું વિચાર્યું અને મુસાને અથવા મુસાદ્વારા નવી પ્રજા ઉત્પન્ન કરવા જાહેર કર્યું, પરંતુ મુસાએ જે માંગણી કરી તેમાં તેણે હદ બહારની પ્રીતિ પોતાની પ્રજા પર દર્શાવતા કહ્યું, "પ્રભુ આના કરતા તો તું મારુ નામ જીવનના પુસ્તકમાંથી કાઢી નાખ." આમ મુસાએ તો પ્રજા માટેના પ્રેમમાં હદ વાળી દીધી "સ્વ"નહીં પણ બીજાં વહાલાંઓ બચે. કેટલો મોટો આત્મભોગ! સંત પાઉલે સુવાર્તા પ્રગટ કરતા રાત કે દિવસ જોયા વગર દુઃખ યાતના સહન કર્યા. ખુદ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સ્વર્ગીય દેવપુત્ર હતા પરંતુ છેવટની હદ સુધી ખાલી થઇ ગયા. આપણે શું કરવા તૈયાર છીએ કે બીજાનું ભલું થાય? મારૂ મનગમતું ભજનસંગ્રહમાંનુ ૩૪૨નું ગીત " પ્રાણ મેં મારો દીધો, રક્ત વે'વાડી" એ વિચારપૂર્વક ગાઈએ તો કેવું?

જોયસીબહેન ક્રિશ્ચિયન

## નોંધપાત્ર બાબતો:

**આભાર:** આ માસનો અંક બ્રુકલીનમાં રહેતા હનોખ પટેલીયાએ મારી વિનંતીને માન આપી તૈયાર કર્યો છે તેમનો હાર્દિક આભાર માનીએ છીએ.

- મારી માંદગીના સમાચાર જાણી જે જે ભાઈ બહેનો, ગ્રુપો, સગાંવહાલાંઓ અને મંડળીઓએ મારે માટે પ્રાર્થનાઓ કરી હતી તેઓનો હું અને મારૂ કુટુંબ હાર્દિક આભાર માનીએ છીએ, હજી મને પ્રાર્થનામાં ધરી રાખશો, જેથી સંપૂર્ણ સાજાપણું મળે.

**હાર્દિક અભિનંદન:** સ્ટેટન આઇલેન્ડથી જોએલ મર્ચન્ટ જણાવે છે કે તેમના કેલિફોર્નિયામાં રહેતાં બહેન કુંદન તથા બનેવી ઇમાનુએલ ક્રિસ્ટીના સુપુત્ર ટેરેન્સને ડોક્ટરેટ ઈન એજ્યુકેશનની ઉપાધિ પ્રાપ્ત થઇ છે, ડો. ટેરેન્સને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ અને ઉતરોત્તર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

- ACNના પ્રકાશનનો મુખ્ય હેતું છે અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્વરના તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું .તેથી સમાચાર, ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતીની લેખક મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે. . આ સમાચારપત્રના ખર્ચને પહોંચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. બધું જ સ્વેચ્છાપૂર્વક કામ કરનાર વ્યક્તિઓદ્વારા ચાલે છે .જેથી પાનાં વધારવા શક્ય નથી .તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો ફાયદો મેળવવાં વાંચકમિત્રોને વિનંતી કે લેખ કરતાં સમાજોપયોગી માહિતી વધુમાં વધુ ૧ અથવા ૧/૨ પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં મોકલશો એવી ACNના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી છે. પ્રેરણાદાયી, અગત્યના, જાણવાલાયક સમાચાર ટૂંકાણમાં મોટા અક્ષરે, મોડામાં મોડું ઑક્ટોબર ૧૦ સુધીમાં Revs. Patel, 758-47th- Street, Brooklyn, NY 11220 પર મોકલી આપશો .

## શાસ્ત્ર અભ્યાસ સપ્ટેમ્બર –ઓક્ટોબર ૨૦૧૯

ભાગ ૧

### લેવીય તથા ગણનાને આધારે સંદર્ભ સહિત નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1 લેવીયના પુસ્તકમાં પુત્રની સુન્નત કેટલામા દિવસે કરવામાં આવે છે?

૨. "જમીન મારી છે " એ કલમ શોધો.

3. -----------પ્રથમ જન્મેલાને બદલે ઇસ્રાએલ પુત્રોમાંથી ક્યુ કુળ પ્રભુએ લીધું અને કહ્યું "તેઓ મારા થશે "

૪ કોને કોને છાવણી બહાર રાખવાની આજ્ઞા યહોવાહે મુસાને આપી?

૫. મુસાના સાળાનું નામ આપો.

૬. "કિબ્રોથ હાતાવાહ" નો અર્થ કહો.

૭. મુસા તથા હારુનની બહેન મરિયમને છાવણી બહાર કેટલા દિવસ માટે રાખવામાં આવી અને શા માટે તે બહાર મુકવામાં આવી?

૮. ક્યા બે સેવકો કનાન દેશમાં જવા પામ્યા?

૯. કોની ગધેડીને વાચા ખુલતા ગધેડી બોલી?

૧૦. સલોફઆદની દીકરીઓના નામ જણાવો.

## ભાગ ૨

## લુકની સુવાર્તાને આધારે સંદર્ભ સહિત પ્રશ્નોના જવાબ લખો

1. કુબડી સ્ત્રી કેટલા વર્ષથી ટટાર ઉભી રહી શકતી નહોતી?
2. પ્રભુ ઈસુના માતાપિતા ઈસુને કેટલા વર્ષની ઉંમરે યરુશાલેમમાં પાસ્ખાપર્વ માટે લઇ ગયા?
3. ફનુએલની દીકરી આન્ના કેટલા વર્ષથી વિધવા હતી?
4. પ્રભુ ઈસુની સુન્નત કેટલામાં દિવસે થઇ?
5. અંજીરના દ્રષ્ટાંતમાં માળીએ અંજીર શોધવા કેટલા વર્ષ રાહ જોઈ?.
6. પ્રભુ ઈસુએ બાર શિષ્યો પસંદ કર્યા બાદ બીજા કેટલા શિષ્યો પસંદ કર્યા?
7. ખોવાયેલી ત્રણ બાબતોના દ્રષ્ટાંતોમાં (૧) કેટલા સિક્કામાનો એક (૨)કેટલા ઘેટાંમાનું એક અને (3)જાનું કેટલા પુત્રોમાંનો એક ખોવાયા?
8. પ્રભુ ઈસુના જમાનામાં કેટલી ચકલીઓ બે પૈસામાં વેચાતી હતી?
9. શિલોઆં (સિલોઆહ)માં કેટલા માણસો પર બુરજ તૂટી પડ્યો?
10. વૃદ્ધ એલિઝાબેથને મરિયમ મળી ત્યારે એલિસાબેતને કેટલા મહિનાનો ગર્ભ રહ્યો હતો ?

# જુલાઈ - ઓગસ્ટ ૨૦૧૯ ના જવાબો

## ભાગ 1

૧. લેવી કુળનો (નિર્ગમન ૨:૧,૧૦)

૨. સિપ્પોરાહ (નિર્ગમન ૨:૨૧), ગેર્શોમ (નિર્ગમન ૨:૨૨)

3. રેઉએલ (૨:૨૦,૨૧) યિથ્રો (3:૧)

૪. આમ્રામ તથા યોખેબેદ (નિર્ગમન ૬:૨૦)

૫. મુસા એંસી વર્ષનો અને હારુન ત્યાસી વર્ષનો હતો (૭:૭)

૬. (1) જાદુગરો લાકડીનો સર્પ બનાવી શક્યા. (2) પાણીનું રક્ત પણ બનાવી શક્યા.(નિર્ગમન ૭:૨૧-૨૨); (3)દેડકાનો માર પણ બનાવી શક્યા. નિર્ગમન ૮:૭)

૭. ચાલીસ વર્ષ સુધી (નિર્ગમન ૧૬:3૫)

૮. હારુનને ચાર દીકરા હતા (1) નાદાબ (2) અબીહૂ (3) એલઝાર (4) ઈથામાંર(નિર્ગમન ૨૮:૧) ઉપરાંત ગણના 3:૨)

૯: કુલ ચાર (નિર્ગમન 3૧:૧૮; 3૪:૧) બે વાર બબ્બે

૧૦: આઠ વાર (નિર્ગમન ૪૦:૧૬; ૧૯;૨૧;૨3,૨૫,૨૭,૨૯અને 3૨મી કલમ)

## ભાગ ૨:

1: પાપોની માફી સારું પસ્તાવાનું ( માર્ક ૧:૪)

2: સભાસ્થાનોમાં અશુદ્ધ આત્મા વળગેલાઓને સાજાપણું ( માર્ક ૧;૨૬)

3: લેવી આલફીનો દીકરો -દાણ ઉઘરાવનાર હતો (માર્ક ૨:૧૪)

૪: સમુંદ્રમાં માર્ક હોડી પાર બેસીને (માર્ક ૪:૧૧)

૫. પિતર (૩:૧૬)

6: યાઈર/ યાઇર્સન (૫:૨૨-૪૨)

7: માર્ક (૭:૩૭)

8: કૈસરના, કૈસરને, દેવના,દેવને ( માર્ક: ૧૨:૧૭)

જોઈસી જોવેટ ક્રિશ્ચિયન

## જુલાઈ-ઓગસ્ટ ના ખરા જવાબો આપનારની નામાવલી:

૧. કમલ રાઠોડ (સ્ટેટન આઇલેન્ડ, ન્યુ યોર્ક )

૨.. રોઝમેરીબહેન હેમંત રાજુ (એડિસન, ન્યુ જર્સી)

3. રિબેકાબહેન ડાયલ (બ્રુકલીન, ન્યુ યોર્ક)

૪. ભાનુમતીબહેન સી. ક્રિસ્ટી (કેલિફોર્નિયા)

૫. લીલીયનબહેન જોન (નોર્થ બર્ગન, ન્યુ જર્સી)

૬. બકુલાબહેન એસ પોલ (યુનિયન સીટી, ન્યુ જર્સી )

૭. સવિતાબહેન મેકવાન (સ્કોકી, શિકાગો)

૮. સ્ટેલાબહેન એમ પરમાર (જર્સી સીટી, ન્યુ જર્સી )

૯. વસુમતીબહેન એ. કુંજરાવીયા (પુકીપ્સી, ન્યુ યોર્ક)

૧૦. તરૂલતાબહેન આઈ. દાસ (નોર્થ બર્ગન, ન્યુ જર્સી)

## વિશ્વાસની દોડ

વેડ અને એડ ખૂબજ નજીકના મિત્રો હતા પણ બન્ને એકબીજાથી તદ્દન જુદા- જેમ રાત અને દિવસ, ઉત્તર અને દક્ષિણ. કોઈ વાતે સમાનતા નહિ. વેડને આનંદ, પ્રમોદ અને મોજ મઝા કરવાની ગમે. તે ખૂબજ ચંચળ, નટખટ અને રમતિયાળ, એની નટખટ એને જરાપણ ગંભીર થવા ન દે; લાંબો સમય એકાગ્રતાપૂર્વક કંઈ પણ કાર્ય કરી શકે નહીં. જયારે એડ ગંભીર, મહેનતુ અને કાર્ય પૂરું કરવાની ધગશવાળો હતો. એક દિવસ બન્નેએ નક્કી કર્યું કે, સ્કૂલની દશ માઈલની દોડમાં ભાગ લઇએ. એડ દોડ માટે દરરોજ પ્રેક્ટીશ કરતો, કસરત કરતો, પૌષ્ટિક ખોરાક ખાતો જેથી એનું શરીર દોડ માટે ફિટ થાય, જયારે વેડ કોઈકવાર જ કસરત કરે, કોઈક વાર દોડે, અને ખોરાકમાં જરાપણ ધ્યાન ન આપે. રેસનો દિવસ આવી ગયો, એડ ખૂબ સાવધાનીપૂર્વક દોડીને આગળ પહોંચી ગયો, જયારે વેડ અડધી રેસ પણ પુરી ન કરી શક્યો.

આપણા જીવનની રેસમાં પ્રભુ ઈસુ રાહ જોઈને ઉભા રહ્યા છે. આત્મિક કસરત, નિયમિત શાસ્ત્રવાંચન, પ્રાર્થના અને પ્રેમયુક્ત સલૂણો વ્યવહાર આપણા જીવનને તાલબંધ કરે છે. પવિત્ર આત્માની દોરવણી વગર આપણે આપણી જીવનની દોડ પુરી કરી શકતા નથી, ઈશ્વર વિનાનું જીવન આપણને અંધકારમાં ધકેલી દે છે, જયારે પ્રભુ પવિત્ર આત્મા જીવનની દોડમાં સાથે રહી એકે એક પ્રસંગે મદદ કરી સફળતાપૂર્વક યોગ્ય કદમ મંડાવી પ્રભુની ગમ લઇ જાય છે. જેમ પાઉલ કહે છે, "હું સારી દોડ દોડ્યો છું અને સારી લડાઈ લડ્યો છું. "આપણે પણ પ્રાર્થના કરીએ, "પ્રભુ તારા બાળક તરીકે મને યોગ્ય બનાવો, જીવનમાં આવતા દરેક પડકાર ઝીલવા યોગ્ય બનાવો". ઈશ્વરની ગમ લક્ષ રાખીએ અને આપણે સારૂં ઠરાવેલી શરતમાં વિશ્વાસપૂર્વક દોડીએ. હેબ્રી ૧૨:૨ વિશ્વાસની સારી લડાઈ લડી અનંતજીવનના ભાગીદાર બનીએ, એને સારુંજ આપણને પસંદ કરવામાં આવ્યાં છે.

ઈલા જોબેટ ક્રિશ્ચિયન

## પ્રાર્થનાનું સચોટ પરિણામ છતાં અવિશ્વાસ

આપણા પવિત્રશાસ્ત્રમાં દેવ પરના વિશ્વાસ દ્વારા મૃત સજીવન થયા છે, આંધળા, લંગડા ,રક્તપિત્તવાળા, અસાધ્ય દર્દોવાળા સાજા થયા છે. દેવ પરના વિશ્વાસ દ્વારા શાદ્રાખ ,મેશાખ અને અબેદનગોને બળતી ભઠ્ઠીમાં આંચ આવી નથી. ડેનિયલને દેવે સિંહોના

બીલમાંથી ઉગાર્યો છે. ઉપરાંત હાન્ના, દાઉદ રાજા, યાબેશ, પાઉલ, પીટર, અનાન્યાં જેવા દેવના અનેક સંતો સેવકો વિશ્વાસ સહીતની પ્રાર્થનાઓદ્વારા ધાર્યા તથા સચોટ પરિણામ લાવી શક્યાં છે તેના હું અને તમે સાક્ષીઓ છીએ.

પુરાતન કાળમાં એક પ્રભુ મંદિરની પાસે દારૂનું પીઠું ખોલવામાં આવ્યું. ચર્ચ સત્તાવાળાઓએ તેનો જોર શોરથી વિરોધ કર્યો, પણ બારનો માલિક લાગવગવાળો હોવાથી બાર ખૂલવામાં સરળ રહ્યું તથા ખૂબજ ધીકતું ચાલવા માંડ્યું. ચર્ચમાં દર રવિવારે તથા સામાન્ય સભાઓમાં બાર બંધ થઇ જાય તે માટે પ્રાર્થનાઓ સતત થતી હતી. બારનો માલિક નામધારી ખ્રિસ્તી હોઈ, ચર્ચમાં જતો ત્યારે બારના બંધ થવા વિષેની થતી પ્રાર્થનાઓ સાંભળતો હતો.

સમય જતાં પ્રાર્થનાના પ્રતાપે એક દિવસ દારૂના પિઠામાં શોર્ટ સર્કિટ ઉત્પન્ન થઇ જેના લીધે બારનો સંપૂર્ણ નાશ થયો. બાર માલિકે ચર્ચના પાસ્ટર તથા ચર્ચ કમિટી પર કેસ માંડ્યો કે પ્રાર્થનાઓના પડકાર રૂપે તેનું બાર નષ્ટ થયું, કોર્ટમાં પાસ્ટર તથા ચર્ચ સત્તાધીશો વિશ્વાસી હોવા છતાં માનવા તૈયાર નથી કે તેઓની પ્રાર્થનાદ્વારા બારનો નાશ થયો. જજે કહ્યું કે, "મારા આશ્ચર્ય વચ્ચે વિશ્વાસી લોકોનો અવિશ્વાસ જોઈ હું મારો નિર્ણય મુલત્વી રાખું છું તથા વિશ્વાસી લોકોમાં વિશ્વાસનો અભાવની ટીકા કરું છું. આપણે હંમેશાં વિશ્વાસમાં દ્રઢ રહેવાની જરૂર છે તથા ગમે તેવા કપરા સંજોગોમાં પણ કબૂલાત કરવી મહત્વની બાબત છે.

એરિક વ્યાસ, લોન્ગ આઇલેન્ડ,

## પ્રાર્થનાવાદી જીવન

૩૧મી ઓકટોબરે, સંધ્યાકાળ થતાંજ બાળકોના ઉત્સાહિત અવાજો શાંત થઇ જાય છે. અંધકાર ફેલાતાં કબ્રસ્તાનમાં ઊભાં કર્યા તેવાં મોટા ભાગનાં મકાનોની આસપાસ બિહામણાં ચેહરાવાળા અને કાળા વસ્ત્રોમાં નાના મોટા આકારો ઝોળી જેવું લઈને ફરતાં થાય છે. તે ભયાવહ આકારો દરેક ઘરનાં દ્વાર ખટખટાવે છે. આ શું? અંદરથી આવનાર વ્યક્તિને તે ભયાવહ આકારોનો ડર નથી લાગતો? તે તો સરસ ચોકલેટો ઝોળીમાં નાખી સ્મિત વેરે છે! તે ભયાનક આકારો તેમનાં ઘરે આવ્યાં તેનો આનંદ તેઓ વ્યક્ત કરે છે. બાપ રે! આજ્ઞાભંગરૂપી પાપોથી ખરડાઈને આપણે સૌ પણ બિહામણાં અને ભારે શેતાની લાગીએ છીએ. જયારે પસ્તાવિક મને પાપોની કબૂલાત કરી પરમેશ્વર પિતાની માફી માંગીએ છીએ ત્યારે પ્રાર્થનારૂપી ટકોરા પ્રભુબાપના દિલ પર પડે છે ત્યારે ઘરે આવેલાં જોઈને હર્ષથી પ્રભુ પિતા ક્ષમાથી આપણને તૃપ્ત કરે છે!

અરે! મારાં કપડાં ઊતારીને ફગાવી દીધાં! એ તો મારાં વ્હાલાં બાળકો છે! તેઓએ સાથે બેસીને ચોકલેટો ગણવાનું શરૂ કર્યું અને બીજાંનો ભાગ પહેલાં અલગ કર્યો ચાલો આપણે પણ જૂનું માણસપણું ફેંકી દઈએ અને પ્રભુપિતાનાં આપેલાં અનેક આશીર્વાદો ગણીએ! પ્રભુજી ઉતમ વાનાંથી આપણને નવાજવા માગે .છે

કલ્પના સુરેશચંદ્ર રોય

## રૂથબહેન મનુભાઈ ક્રિશ્ચિયન: માટીના પાત્રમાં અમૂલ્ય ખજાનો

### (૧૫ જુલાઈ, ૧૯૨૪- ૧૮ માર્ચ, ૨૦૧૭)

રૂથબહેનનો જન્મ વડીલ યોહાનભાઈ અને એલિસબહેનના કુટુંબમાં આણંદમાં થયો હતો. હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ પી.ટી.સી. થયા, બાદ આણંદની ગર્લ્સ સ્કૂલમાં અંગ્રેજી ભાષાના શિક્ષક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી ૧૯૪૮ના મે માસમાં રેવ.વીરજીભાઈ અને રતનબહેનના સુપુત્ર મેન્યુએલ (મનુભાઈ) સાથે થયા અને તેઓ અંબરનાથ, મુંબઈમાં પતિ સાથે આવી દાંપત્ય જીવનની શરૂઆત કરી. ત્યાં પણ તેમણે ગણિત અને અંગ્રેજીના શિક્ષક તરીકે નિમણુક સ્વીકારી. ૧૯૫૬માં પતિની બદલી પુના(ખડકી)માં થઇ ત્યારે તેમણે ક્વાટર્સને બદલે પોતાના દીકરાઓને ઉત્તમ શિક્ષણ મળે માટે પૂનામાં ભાડાના મકાનમાં રહેવાનું પસંદ કર્યું, બાળકોમાં સઁસ્કારોનું સિંચન કર્યું

રૂથબહેન સવારમાં ચાર વાગે ઉઠી જઈ કુટુંબ માટે સવારનો નાસ્તો, બપોરનું જમવાનું તૈયાર કરી દેતા, જેથી ચારેય દીકરાઓ ટિફિન લઇ સ્કૂલે જવા નીકળતા, પોતે પણ ઘરમાંથી ૮:૦૦ વાગ્યે ટ્યુશને જવા નીકળતાં, ત્યાંથી ૧૦:૩૦ થી ૫:૩૦ સુધી સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં, સાંજે ૭:૩૦ સુધી દસેક વિદ્યાર્થીઓને ટ્યુશન આપતાં, ત્યારબાદ સાંજની રસોઈ, કૌટુંબિક

પ્રાર્થનાથી પરવારી લગભગ ૧૦:૦૦ વાગ્યે પથારીમાં જતાં હતાં.  માતા તરીકે પોતાના ચારેય પુત્રોમાં પ્રામાણિકતાના ઉમદા ગુણોનું સિંચન કર્યું હતું,  દરરોજ સવારે પ્રાર્થના, શાસ્ત્ર વાચન કરતાં , તેઓ આદર્શ માતા ઉપરાંત આદર્શ પત્ની હતાં, સ્વ.મનુભાઈ "અજરપુરા ખ્રિસ્તને ચરણે" માં લખે છે, "મુંબઈ જેવા શહેરમાં સારી આવક અને કોઈ રોકટોક નહીં હોવાને લીધે તે મોજીલા બની ગયા હતા, પણ રૂથબહેન તેમને ઈશ્વરની નજદીક લાવ્યાં હતાં."  પોતાના દીકરાઓ આ પુસ્તકમાં શું લખ્યું છે તે જાણે, સમજે અને જીવનમાં ઉતારે તે હેતુથી તેમણે પુસ્તકનો ૨૦૧૩ની સાલમાં અંગ્રેજીમાં અનુવાદ કરાવ્યો હતો.  આ પુસ્તક રસ ધરાવનારને મફત મળી શકશે.  મનુભાઈ અને રૂથબહેન ઓલ્ડહામ મેથોડિસ્ટ ચર્ચ, પુનાના સક્રિય સભાસદો અને આગેવાનો હતાં. ૧૯૮૧માં બિશપ જોશીના આમંત્રણથી બેથેલશીપ ચર્ચ, બ્રુકલીનના પાળક રેવ. ઓમ્સ ગુજરાત આવ્યા હતા,  બ્રુકલીનમાં ગુજરાતી ખ્રિસ્તીઓની વધતી જતી સંખ્યાને કારણે પાળક ઓમ્સે દસ પાળકોની સાથે મુલાકાત લઇ મનુભાઈની પસંદગી કરી.  અમેરિકા આવવા આમંત્રણ આપ્યું,  રૂથબહેનને ૧૯૮૧માં હોનોલુલુ, હવાઈમાં મહિલા કોન્ફરન્સમાં જવાની તક મળી તેથી આ દંપતિ હવાઈ કોન્ફરન્સમાં ભાગ લઇ બ્રુકલીન ન્યુયોર્ક આવ્યાં.  અને ગુજરાતી ભક્તિસભાની શરૂઆત કરી.. ત્યારબાદ દીકરાઓના લગ્ન કરાવ્યા અને તેમના બાળકોને મદદરૂપ થવા ન્યુજર્સી રહેવા ગયાં ત્યાં આખું કુટુંબ ન્યુ ડોવર મેથોડિસ્ટ ચર્ચમાં સક્રિય હતું તેઓએ બાળકોના જીવનોમાં પણ સંસ્કારોનું સિંચન કર્યું હતું અને સાહિત્ય વાચનનો શોખ કેળવ્યો હતો. .રૂથબેન પ્રવાસના શોખીન હોવાથી પતિ સાથે દેશ વિદેશનો બહોળો પ્રવાસ ખેડ્યો હતો, ૨૦૦૬માં આ બેલડી નંદવાઈ ગઈ.  રૂથબહેન એકલાં પડ્યા તેથી તેમણે પોતાનું જીવન પ્રાર્થનાંસભા, બાઇબલ અભ્યાસ અને સામાજિક સેવાઓમાં ખર્ચી નાખ્યું.  બાળકો માટે જાતજાતની વસ્તુઓ બનાવી દાનમાં આપતા હતા.

૧૯૮૨માં મનુભાઈએ ગુજરાતી અમેરિકન ન્યૂઝની શરૂઆત કરી.  ત્યારબાદ રૂથબહેને તે જવાબદારી અદા કરી અને સમય આવે મુરબ્બી જોસફભાઇ પરમારે વર્ષો સુધી જાળવી રાખી અને હાલ સ્નેહલતાબહેનના સહકારથી તેમનું સેવાકાર્ય જારી જ છે. ૨૦૧૪માં બાળકોએ રૂથબહેનની ૯૦મી વર્ષગાંઠ ધામધૂમથી ઉજવી હતી,  જીવનના અંતિમ શ્વાસ સુધી રૂથબહેન સ્વસ્થ હતાં. તેમને પોતાનો સમય નજદીક છે તેની ખાતરી થતાં બધા સ્વજનો સાથે રૂથબહેને વાત કરી હતી. ૧૮મી માર્ચ ૨૦૧૭ના દિવસે ૯૨ વર્ષની ઉંમરે તેઓ પ્રભુમાં ઉંઘી ગયાં.  તેમની અંતિમ વિદાય યુ ટ્યૂબમાં લાઈવ ટેલિકાસ્ટમાં ભારત, બહેરીન, દુબઇ, અમેરિકા અને કેનેડામાં કરવામાં આવી હતી. તેઓ પોતાની પાછળ ચાર દીકરા અને બહોળું કુટુંબ મૂકી ગયાં છે.  તેઓની અંતિમ ઈચ્છા હતી કે તેમના દેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવે અને તેમની રાખને નડિયાદમાં તેમના સ્વ.પતિ મનુભાઈની કબરમાં મુકવામાં આવે.

ફેબ્રુઆરી ૯,૨૦૧૯ના રોજ બિશપ ડેનિએલ તેમના ધર્મપત્ની, કુટુંબીજનો, સ્વજનો, નડિયાદના ડીસુ કાન્તની વિશાળ સમુદાયની હાજરીમાં રૂથબહેનની અંતિમ ઈચ્છા દીકરાઓએ પુરી કરતાં મનુભાઈની કબરમાં રૂથબેનની ભસ્મને કબરમાં મુકવામા આવી હતી.

17 Dart Mouth Ave ; Avenel, NJ 07001

Phone 917- 554-4560

મોકલનાર : રોબિન ક્રિશ્ચિયન



To,

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

જુલાઈ-ઑગસ્ટ ૨૦૧૯

જવાબ ભાગ-૧

૧. નિર્ગમન – ૨:૧-૧૦ – મૂસા લેવી કુળનો હતો.

૨ નિર્ગમન – ૧૮:૧-૪ – મૂસાની પત્નીનું નામ સિપોરા, મૂસાના બે દીકરા – ગેરશોમ અને એલિયેઝર.

૩. નિર્ગમન – ૬:૨૦ – મૂસાના પિતા અમરામ અને માતા યોખેબદ.

૪. નિર્ગમન – ૨:૧૮, ૩:૧ – મૂસાના સસરાનું નામ રેઉએલ અને હિથ્રો.

૫. નિર્ગમન – ૭:૯ – મૂસાની વય ૮૦ વર્ષ અને હારૂનની વય ૮૩ વર્ષ.

૬. નિર્ગમન – ૭:૧૧-૧૨ - લાકડીનો સાપ, અનર્થ, નિર્ગમન - ૭:૨૨ - લોહીવાળા પાણીનો અનર્થ, નિર્ગમન ૮:૭ - દેડકાનો અનર્થ.

૭. નિર્ગમન – ૧૬:૩૫ – ૪૦ વરસ સુધી માન્ના ખાધું.

૮. નિર્ગમન – ૬:૨૩ – હારુનના ચાર દીકરા, નાદાબ, અબીહુ, એલાઝર અને ઈથમાર.

૯. નિર્ગમન – ૨૪:૧૨ – શિલાપાટીઓની સંખ્યા નથી આપી. નિર્ગમન ૩૪:૧ – બે શિલાપાટીઓ આપી છે.

૧૦. નિર્ગમન – ૪૦: ૧૯,૨૧,૨૩,૨૫,૨૭,૨૯,૩૨ એમ ૯ વાર જોવા મળે છે.

જુલાઈ-ઑગસ્ટ ૨૦૧૯

જવાબ ભાગ-૨

૧. માર્ક – ૧:૧-૪ – પસ્તાવાનું બાપ્તિસ્મા આપતો હતો.

૨. માર્ક – ૧:૨૧-૨૮ – ઈસુનો પ્રથમ ચમત્કાર અશુદ્ધ આત્મા વળગેલા માણસને સાજો કર્યો.

૩. માર્ક – ૨:૧૩-૧૭ – શિષ્ય લેવી આલ્ફીનો દીકરો છે.

૪. માર્ક – ૪:૧-૫ – ગાલીલ સમુદ્રમાં હોડી પરથી.

૫. માર્ક – ૩:૧૬ – સિમોનની અટક પીતર પાડી.

૬. માર્ક – ૫:૨૨ – સભાસ્થાનનો અધિકારી યાઇરસ નામ છે.

૭. માર્ક – ૭:૩૭ – ઈસુ દશનગરની સીમમાં બહેરા બોબડાને સાજા કરે છે ત્યારે.

૮. માર્ક – ૧૨:૧૭ – જે કૈસરના છે તે કૈસરને, ને જે દેવના છે તે દેવને ભરી આપો.

જોન ક્રિશ્ચિયન

૮૭૦૭ ઑસ્ટીન અવેન્યુ

મોર્ટોન ગ્રોવ, આઈએલ. ૬૦૦૫૩

ફોન: ૭૭૩-૨૫૩-૪૮૪૫

નજમ (કાવ્ય)

નસીહત-એ-કલામે મુક્કદસ

(પવિત્ર વચનોની શીખામણ)

પવનસે ઉજાલા મીલે તો;
કરે પ્રભુકે પાવન ગૌરવી જ્ઞાનકી બાત,
રાતસે દિવસવા મીલે તો;
કરે પ્રભુકા ખુબસુરત નીલે ગગનકી બાત,
સાગરસે નદીયાં મીલે તો;
કરે પ્રભુકી સુંદર સૃષ્ટિ સર્જનકી બાત,
મા હવાસે બાવા આદમ મીલે તો;
કરે પ્રભુકા ધન મધુ વચનકી બાત,
શમ્માસે પરવાના મીલે તો;
કરે પ્રભુકા હક્કો-પ્યાર બલીદાનકી બાત,

જોન ક્રિશ્ચિયન.

આધાર વચનો:

ઉત્પત્તિ – ૧,૨ અધ્યાય

અયૂબ- ૩૮ થી ૪૧ અધ્યાય

ગીતશાસ્ત્ર – ૧, ૧૯, ૨૪, ૧૨૧ અધ્યાય

યશાયા – ૪૦, ૫૩ અધ્યાય